ગાંધીનગર સમાચાર



# આચાર્યની હત્યાની તપાસ એલસીબીને સોંપાઈ

## બનાવ સ્થળેથી ફુટ પ્રીન્ટ તો ઠીક શુઝ પ્રીન્ટ પણ મળી આવી નથી : હત્યારાએ કોઈ જ સુરાગ પણ છોડ્યો નથી

ગાંધીનગર, તા. ૭

સેક્ટર-૨૩ ખાતે સ્થિત ફાર્મસી કોલેજના આચાર્યની ઘરમાં ઘુસીને ક્રુરતાપૂર્વક હત્યા કરી દેવામાં આવી હતી અને હત્યારો શિફતપૂર્વક ફરાર પણ થઈ ગયો હતો. હજુ સુધી આ હત્યા પ્રકરણમાં કોઈ મહત્વની કડી પોલીસને મળી નથી. આ સમગ્ર હત્યા પ્રકરણની તપાસ આજે ગાંધીનગર એસ.પી.એ લોકલ ક્રાઈમ બ્રાન્ચને સોંપી દીધી છે. નોંધનીય બાબત તો એ છે કે હત્યારાએ કોઈ જ સુરાગ છોડ્યો નથી અને બનાવ સ્થળે તેના ફુટ પ્રીન્ટ કે શુઝ પ્રીન્ટ પણ ન આવે તેવી તકેદારી રાખી હતી. એલસીબી પી.આઈ. આશુતોષ પરમારે હવે આ પ્રકરણની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

ફાર્મસી કોલેજના બાયોટેકનોલોજી વિભાગના હેડ ઓફ ડીપાર્ટમેન્ટ ડૉ. મહેશચંદ્ર શર્માના ઘરમાં ઘુસીને તિક્ષ્ણ હથિયારથી સાત-આઠ ઘા ઝીંકી કરપીણ હત્યા કરી હત્યારો ફરાર થઈ ગયો હતો. આ ઘટનાને ૩૬ કલાકથી પણ વધુ સમય વિતી ગયો પરંતુ હત્યારા સુધી પહોંચવા માટેની કોઈ જ મહત્વપૂર્ણ કડી પોલીસને મળી શકી નથી. સમગ્ર કેસની તપાસ એલસીબીને સોંપી દેવાઈ હોવાનું એસ.પી. વિરેન્દ્રસિંગ યાદવે જણાવ્યું છે. બનાવ જયા બન્યો ત્યાં ફિંગરપ્રિન્ટ નિષ્ણાત અને એફએસએલ બોલાવાઈ પરંતુ ફુટ પ્રિન્ટ કે શુઝ પ્રિન્ટ પણ મળી આવી ન હોવાનું પોલીસ જણાવી રહી છે. તો બીજી તરફ ડૉગ સ્કવોર્ડ બનાવ સ્થળેથી બહાર નીકળીને પહેલા ઉપરના માળે ગયો અને ત્યાર બાદ નીચે ઉતરીને રોડ પાસે આવીને ઉભો રહી ગયો હતો. જેને કારણે એ શક્યતાઓ વર્તાઈ હતી કે આરોપીએ પગરખા બદલી નાંખ્યા કાં તો જાળીઓમાં ક્યાંક સંતાઈ ગયો..! જો કે આ બધી જ બાબતો અંગે તપાસ ચાલી રહી છે. પોલીસે પડોશીઓ અને સિક્યુરીટી ગાર્ડસ ઉપરાંત સહ કર્મીઓના નિવેદનો લઈ હત્યારા સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે.

### હત્યારો કેમ્પસમાં નિયમિત અવરજવર કરતો હોઈ શકે..!

પોલીસે સ્ટાફ ક્વાટર્સના મુખ્ય દરવાજે ઉભા રહેતા સિક્યુરીટી ગાર્ડના નિવેદનો લીધા છે. જેમાં જાણવા મળ્યુ કે આ મુખ્ય દરવાજા પરથી હોસ્ટેલના છાત્રો અને સ્ટાફ ક્વાટર્સમાં રહેતા પરીવારોની એન્ટ્રી-એક્ઝીટ હોય છે. અહીં કોઈ રજીસ્ટર નિભાવણી કરવામાં આવતુ ન હતુ. પરંતુ કોઈ નવો ચહેરો પ્રવેશ કરે તો સિક્યુરીટી ગાર્ડ ઓળખ-ખાતરી કર્યા બાદ જ એન્ટ્રી આપતા હોય છે. તેનો મતલબ એ છે કે જો મુખ્ય દરવાજેથી હત્યારો પ્રવેશ્યો હશે તો તે ચહેરો સિક્યુરીટી ગાર્ડને પણ રૂટીન ચહેરો લાગ્યો હશે ને એન્ટ્રી લીધી હશે. પોલીસે તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.



સચિવાલય પ્રવેશદ્વાર - સચિવાલયના પ્રવેશદ્વારો નવનિર્મિત થઈ રહ્યા છે... તમામ દરવાજાને ફરીથી આકર્ષક અને સલામતીને ધ્યાનમાં લઈ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનાવાઈ રહ્યા છે. ચ-માર્ગ પરના બંને પ્રવેશ દ્વારોમાં સરળતાથી આવન-જાવન થઈ શકે, સાથે સાથે સલામતી સંદર્ભે પણ મહત્વ અપાઈ રહ્યું છે... તમામ પ્રવેશદ્વારો એકસમાન બનાવાશે અને છએ છ પ્રવેશદ્વારો પર સલામતી રક્ષકો માટે સુવિધા અને આધુનિક સીસીટીવી કેમેરા લગાવાશે. (તસવીર : દિપક જાની)

# રાત્રિના એક વાગ્યા બાદ અમદાવાદથી ગાંધીનગરની બસ શરૂ કરવા દરખાસ્ત


ગાંધીનગર તા ૭

ગાંધીનગર અમદાવાદ વચ્ચેની બસ સેવા રાત્રિના એક વાગ્યા બાદ બંધ રહેતા અમદાવાદથી રાત્રીના સમયે બહારગામથી આવતા મુસાફરોને ગાંધીનગર આવવા માટે બસસેવા ઉપલબ્ધ થતી નથી. જેને ધ્યાને લઈ એસ ટી ડેપો દ્વારા અમદાવાદની ડીવિઝનલ કચેરીને રાત્રિના દર કલાકે ગાંધીનગરની બસ મળે તેવી વ્યવસ્થા ગોઠવવા રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચેની બસ સેવા રાત્રિના એક વાગ્યા બાદ બંધ હોવાથી અમદાવાદથી ગાંધીનગર આવતા મુસાફરોને મોડી રાતના બસ ઉપલબ્ધ થતી નથી જેના પરિણામે આમ નાગરિકોને ઘણીવાર અમદાવાદથી મોડી રાતે બસ મળતી નથી. રાત્રિના એક વાગ્યા બાદ બહારગામથી આવતા મુસાફરોને બસસેવા ન મળતા બસ સ્ટેન્ડ પર જ

### દર કલાકે બસ સેવા શરૂ કરવા ડેપોએ ડિવિઝનલ કચેરીને પત્ર લખ્યો

સમય વિતાવવો પડે છે. જેના પરિણામે મુસાફરોની સલામતી સામે પણ પ્રશ્નાર્થ સર્જાયો છે. જયારે મહેસાણા, પાલનપુર હિમતનગર તરફની બસો પણ વાયા ગાંધીનગર થઈને દોડાવવામાં આવે તો પણ મોડી રાતે પણ મુસાફરોને બસ સેવા ઉપલબ્ધ થઈ શકે આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારની બસો પણ વાયા ગાંધીનગર કરવામાં આવે તો પણ મુસાફરોને રાત્રિના સમયે બસ સેવા ઉપલબ્ધ થઈ શકે તેમ છે. આ અંગે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બુચ દ્વારા ડેપો મેનેજરને પણ રજુઆત કરવામાં આવી છે. જે અન્વયે ડેપો મેનેજર દ્વારા ડિવિઝનલ કચેરીને પત્ર લખી જાણ કરવામાં આવી છે. જેમાં રાત્રિના એક થી ચાર કલાકના સમયગાળા દરમિયાન બસ સેવા ઉપલબ્ધ થાય તે માટે જરૂરી આયોજન કરવા જણાંવાયુ છે. ડિવિઝન કચેરી દ્વારા ટુંકમાં આ અંગે વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવી શકયતા છે.



**સંધ્યા** - ગાંધીનગરના ગગનમાં સાંધ્ય સૌંદર્ય સોળે કળાએ ખીલ્યું હોય તેવું સર્જાયું હતું... ગાંધીનગરનો પ્રાકૃતિક વૈભવ તો છે જ સાથે સાથે કુદરતી સૌંદર્યનો સમન્વય જ્યારે ભળે છે ત્યારે અદ્દભૂત નજારો જોવા મળે છે... બુધવારની સાંજે ગાંધીનગરના ગગનમાં આછા-આછા વાદળો પર સૂર્યના લાલ કિરણો પડતા વાદળોની રંગોળી નિર્માણ થઈ હતી.... **(તસવીર : કશ્યપ નિમાવત)**

# અપુરતો વરસાદની સ્થિતિને પહોંચવા તંત્ર સુસજજ

## અછત, અર્ધ અછત અંગેની પેટા સમિતિની ચુડાસમાની અધ્યક્ષતામાં યોજાયેલી મિટિંગમાં આયોજનની સમીક્ષા

અમદાવાદ, તા.૭

ચાલુ વર્ષે મોસમની સરેરાશ વરસાદની પ્રમાણમાં ઘટનેલઈને આગામી દિવસોમાં ખાસ કરીને ઘાસચારો અને પીવાના પાણીની પરિસ્થિતિને પહોંચી વળવા રાજય સરકારે અત્યાથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે.

ચાલુ વર્ષેમોસમનો કુલ સરેરાશ વરસાદ ૮૧.૮૪ ટકા નોંધાયો છે. ત્યારે રાજયના જે વિસ્તારોમાં પ્રમાણમાં ઓછો વરસાદ પડ્યો છે. તેવા જિલ્લા કે તાલુકાઓમાં ઘાસચારાની અને પીવાના પાણીની ઉભી થનારી જરૂરિયાતને પહોંચી વળવા જે તે જિલ્લા કલેકટર પાસેથી ૧૫ દિવસમાં ઉભી થનારી જરૂરિયાત અંગેની વિગતો મંગાવવામાં આવશે. અછત અને અર્ધ અછતગ્રસ્ત વિસ્તારો માટે નિતિવિષયક નિર્ણય લેવા મંત્રી ભુપેન્દ્રસિં સુડાસમાની અધ્યક્ષતામાં રચાયેલા પેટ સમિતિનીઆજે ગાંધીનગર ખાતે મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં વર્તમાન સ્થિતિ અને ભાવિ આયોજન અંગેની સમિક્ષા કરતા આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આગામી દિવસોમાં પણ ઘાસચારા અને પીવાના પાણીની સ્થિતિ અંગે સમયાંતરેનિયમિત બેઠકો યોજાશે. આ બેઠકમાં સમિતિના સભ્ય તરીકે મંત્રીઆ બાબુભાઈ બોખીરીયા સૌરભભાઈ પટેલ, શંકરભાઈ ચૌધરી તથા તારાચંદભાઈ છેડા સહિત સંબંધિત ઉચ્ચ અધિકારીઓએ ઉપસ્થિત રહી ઘાસચારા અને પીવાની વર્તમાનસ્થિતિ અને ભવિષ્યની જરૂરિયાત બાબતે વિસ્તૃત છણાવટ કરી હતી.

# સેક્ટરોમાં કંગાળ લાગતા સ્ટ્રીટ લાઈટના થાંભલા બ્યુટીફીકેશનના નામે ધબ્બો

ગાંધીનગર તા ૭

શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના પોલ્સ બંધ રહેતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે સ્ટ્રીટ લાઈટના કંગાળ દેખાતા થાંભલાઓને કલરકામ કરવામાં પણ નિરસતા સેવાઈ રહી છે. જાહેરખબરનુ માધ્યમ બની ગયેલા લાઈટીંગ પોલ્સ બ્યુટીફીકેશનની દ્રષ્ટીએ પણ બિહામણાં ભાસતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

શહેરમાં બ્યુટીફીકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે જયારે શહેરના રોડ નેટવર્કને ચકાચક રાખવા પણ તોતિંગ ખર્ચ થાય છે. ત્યારે શેહેરમાં સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા ખાડે ગઈ છે. નગરના રસ્તાઓ અને સેકટરોની શેરીઓમાં છાશવારે લાઈટો ડુલ થતી

### વર્ષોથી લાઇટોના થાંભલાઓને કલર પણ કરાયો નથી : જાહેરખબરનુ માધ્યમ બનેલા સ્ટ્રીટલાઇટના પોલ્સની કંગાળ હાલતથી રહીશોમાં આક્રોશ

હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. ત્યારે સેકટરોની શેરીઓમાં વારંવાર અંધારપટ્ટ છવાતા રહીશોમાં પણ આક્રોશ છવાયેલો જોવા મળે છે. એકબાજુ વન વિભાગ દ્વારા વૃક્ષોને ટ્રીમીંગ કરવામાં આવ્યુ ન હોવાથી સ્ટ્રીટ લાઈટનુ અજવાળુ રસ્તા પર પથરાતુ ન હોવાનો સુર પણ નાગરિકોમાં ઉઠવા પામ્યો છે .

જયારે સેકટરોના આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા શોભાના ગાંઠીયા સમાન પણ ન કહી શકાય તેવી સ્થિતિ છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં મોટાભાગના સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ કટાયેલી હાલતમાં હોવાથી અત્યંત કંગાળ ભાસતા પોલ્સને લાંબા સમયથી કલરકામ પણ કરવામાં આવ્યુ નથી.

જયારે આ થાંભલાઓ પર બેનર તેમજ પેમ્ફલેટ અને સ્ટીકરો ચોંટાડી જાહેરાતનુ માધ્યમ બનાવી દેવાયા છે. સેકટરોના પ્રવેશદ્વારે જ કંગાળ ભાસતા લાઈટના થાંભલાઓને કલરકામ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

જોઈએ છે
ઓફીસ કામગીરી માટે
પ્યૂન (પટાવાળા)
બાયોડેટા સાથે રૂબરૂ મળો.
સંપર્ક :
સંગીનીતા ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી.
૩૦૧, શાલીન કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર
તા. ૧૦/૧૦/૧૫, સમય ૧૧-૩૦ કલાકે

એસ્ટ્રો કન્સલટન્સી
જ્યોતિષ અને પરામર્શ દ્વારા તમામ પ્રકારની સમસ્યાઓનો સચોટ ઉકેલ કરી આપવામાં આવશે.
મો. ૯૫૧૨૮૯૨૯૨૨, ૯૫૧૨૮૯૨૭૬૯

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત
ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર
ગુજરાત ખાદી ૨૫ % વળતર
ગુજરાત ખાદી તૈયાર કપડાં ૨૫ % વળતર
પરપ્રાંત ખાદી ૧૫ % વળતર
પરપ્રાંત ખાદી તૈયાર કપડાં ૧૫ % વળતર
રેશમ ખાદી ૧૫ % વળતર
વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્સ, બાજઠ, ચંપલો, ગ્રામોદ્યોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ
ખાદી ગ્રામોદ્યોગ ભવન
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩
ગૃહ વસ્તુ ભંડાર
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૭૬૧
સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦
નોંધ : તા. ૧૧/૧૦/૨૦૧૫ને રવિવારના રોજ કેન્દ્ર ચાલુ રહેશે.

Since 1986
अभय
ISO 9001:2008
IAF JAS-ANZ
• Corporate Gathering
• Celebrations • Exhibitions
• Marriage • Reception
• Parties • Seminars
Y.A. Mansuri
M. : 9824049503
Sanjay S. Shah
P. Manubhai Medical
ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194
B/h. Videocon Factory,
Electronics Estate, GIDC,
Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats,
Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur,
Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, ... કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com